<u>–:: વેચાણ દસ્તાવેજ ::–</u>

<u>રૂા......................./– અંકે રૂપિયા .... પુરાનો</u>

સંવત ૨૦૭૪ ના : ________________________ ને, વાર : ___________ ને, તા.____ મી, માહે : ___________, સને <u>૨૦૧૮</u> ના અંગ્રેજી દિને......

<u>આ વેચાણ દસ્તાવેજ લખાવી લેનાર યાને પહેલા પક્ષના યાને ખરીદનાર ::–</u>

(૧) **શ્રી ....,**

ઉ.આ.વ......, ધંધો : ....,

રહેવાસી : ....

(PAN : ....)

(૨) **શ્રી ....,**

ઉ.આ.વ......, ધંધો : ....,

રહેવાસી : ....

(PAN : ....)

(એ સંજ્ઞામાં "પહેલા પક્ષના" વેચાણ રાખનાર પોતે જાતે તથા તેમના વંશ–વાલી વારસો, સકસેસર્સ, સરવાઈવર્સ, એસાઈનીઓ, ટ્રાન્સફરીઝ, એર્ટોનીઝ, એડમીનીસ્ટ્રેટર્સ, એકઝીકયુટર્સ, ઈત્યાદીનો સમાવેશ થાય છે, જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "વેચાણ રાખનાર" "પહેલા પક્ષના" તથા "તમો" થી સંબોધવામાં આવ્યા છે.)

<u>જોગ લી.</u>

<u>ખરીદનારની સહી</u> **<u>વેચનારની સહી</u>**

....

....

આ વેચાણ દસ્તાવેજ લખી આપનાર યાને બીજા પક્ષના યાને વેચનાર ::–

મેસર્સ ઓમ ઈન્ફ્રા–એક રજીસ્ટર્ડ ભાગીદારી પેઢી (કે જે ભારતીય ભાગીદારી કાયદા હેઠળ નોધાયેલ રજીસ્ટર્ડ ભાગીદારી પેઢી કે જેનો રજીસ્ટ્રેશન નં.જીયુજેએસઆર૧૦૦૭૩૫, તા.૩૦/૦૪/૨૦૧૬) ઠે.ચોથો માળ, યુનિયન સ્કવેર, ઘોડદોડ રોડ, સુરતના વતી અને તરફે તેના વહીવટકર્તા ભાગીદાર ::–

શ્રી સુનિલ જયંતિભાઈ શાહ,

ઉ.આ.વ.૪૫, ધંધો : વેપાર,

ઠેકાણું : એજનના.

(PAN : AAEFO 8252 A)

(એ સંજ્ઞામાં "બીજા પક્ષના" વેચાણ આપનાર ભાગીદારી પેઢી કે જેના હાલના તથા ભવિષ્યના વખતો વખતના ભાગીદારો પોતે જાતે તથા તેમના વંશ–વાલી વારસો, સકસેસર્સ, સરવાઈવર્સ, એસાઈનીઓ, ટ્રાન્સફરીઝ, એર્ટોનીઝ, એડમીનીસ્ટ્રેટર્સ, એકઝીકયુટર્સ, ઈત્યાદીનો સમાવેશ થાય છે, જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "વેચાણ આપનાર" "બીજા પક્ષના" તથા "હમો" થી સંબોધવામાં આવ્યા છે.)

જત હમો બીજા પક્ષના ભાગીદારી પેઢી તમો પહેલા પક્ષનાના લાભમાં આજરોજ આ વેચાણ દસ્તાવેજ લખી આપી જણાવીએ છીએ કે :–

જિલ્લો : વલસાડ, તાલુકો : ધરમપુર, મોજે ગામ : કસ્બા ધરમપુરના રેવન્યુ સર્વે/બ્લોક નં.૫૮૪ થી નોંધાયેલ જમીન કે જેનું ક્ષેત્રફળ સુમારે ૧૪ એકર ૩૪ ગુંઠા વાળી ખેડખાતાની ખેતીની જમીનના માલિક/કબજેદાર તરીકે શ્રી જશવંતસિંહ નાથુસિંહ વાસીંયા વિગેરે ચાલી આવેલા.

ત્યારબાદ, સદર જમીનના માલિક/કબજેદાર શ્રી જશવંતસિંહ નાથુસિંહ વાંસીયા વિગેરેએ મજકુર જમીનની તેમના કુંટુંબના સભ્યો વચ્ચે માંહોમાહે વહેંચણ કરેલ. જે વહેંચણ મુજબ સદર જમીન પૈકી સુમારે ૬ એકર ૨૬ ગુંઠા વાળી જમીન શ્રી ભૂપેન્દ્રસિંહ જશવંતસિંહના હિસ્સે આવેલ, સુમારે ૪ એકર જમીન શ્રી યોગેન્દ્રસિંહ પ્રવિણસિંહના હિસ્સે આવેલ તથા સુમારે ૪ એકર જમીન શ્રી દેવેન્દ્રસિંહ છત્રસિંહના હિસ્સે આવેલ તેમજ જે તે હિસ્સા મુજબ સ્થળ ઉપર કબજો માલિકોએ સ્વીકારી લીધેલ. જે હિસ્સા મુજબ સદર જમીન માલિક/કબજેદારો નામથી રેવન્યુ રેકર્ડ દફતરે પાનીયા પણ અલગ–અલગ કરવામાં આવેલ. જેની નોંધ ગામ

નમુના નં.૬ હકક ફેરફાર પત્રક દફતરે નોંધ નં.૧૮૦૭, તા.૨૮/૦૮/૧૯૭૦ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ તા.૧૯/૦૪/૧૯૭૧ ના રોજ પ્રમાણિત થયેલ.

ત્યારબાદ, શ્રી યોગેન્દ્ર પ્રવિણસિંહ વાંસીયાના હિસ્સે આવેલ સુમારે ૪ એકર યાને ૧૬,૧૮૮ સ.ચો.મી. વાળી જમીન કે જેને રેવન્યુ સર્વે/બ્લોક નં.૫૮૪ પૈકી ફાળવવામાં આવેલ.

ત્યારબાદ, સદર જમીનના માલિક/કબજેદાર શ્રી યોગેન્દ્રસિંહ જશવંતસિંહ વાસીંયાએ તેમની માલિકીની ચાલી આવેલ ૧૬,૧૮૮ સ.ચો.મી. વાળી જમીન પૈકી ૩૦૨૫ સ.ચો.મી. જમીનમાં બીનખેતીનું કૃત્ય કરવા માટે મહેરબાન કલેકટરશ્રી, વલસાડનાને અરજી કરતાં, મહેરબાન કલેકટરશ્રી, વલસાડનાએ તેમના હુકમ ક્રમાંક : સીએચ/એન.એ./રજી.૫૦/૨૦૦૦–૦૧, તા.૧૩/૧૧/૨૦૦૧ ના રોજ જરૂરી હુકમ ફરમાવી મજકુર જમીનમાં બીનખેતીનું કૃત્ય કરવા માટે પરવાનગી આપેલ. જેની નોંધ ગામ નમુના નં.૬ હકક ફેરફાર પત્રક દફતરે નોંધ નં.૫૧૬૮, તા.૦૨/૦૨/૨૦૦૨ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ તા.૦૭/૦૫/૨૦૦૦ ના રોજ પ્રમાણિત થયેલ. જે બીનખેતની જમીનને રેવન્યુ સર્વે/બ્લોક નં.૫૮૪ પૈકી ૨/૧ ફાળવવામાં આવેલ. જયારે બાકી રહેતી ખેતીની જમીન યાને ૧૩,૧૬૩ સ.ચો.મી. જમીનને રેવન્યુ સર્વે/બ્લોક નં.૫૮૪ પૈકી ૨ ફાળવવામાં આવેલ.

ત્યારબાદ, સદર રેવન્યુ સર્વે/બ્લોક નં.૫૮૪ પૈકી ૨/૧ થી નોંધાયેલી સુમારે ૩૦૨૫ સ.ચો.મી. બીનખેતીની જમીનના માલિક/કબજેદાર શ્રી યોગેન્દ્રસિંહ પ્રવિણસિંહ વાસીંયાએ મજકુર જમીન પૈકી ૯૭૫.૮૪ સ.ચો.મી. જમીન કે જેને રેવન્યુ સર્વે/બ્લોક નં.૫૮૪ પૈકી ૨/૧/૧ ફાળવવામાં આવેલ છે તે જમીન મેસર્સ મધુબન એન્ટરપ્રાઈઝ–એક ભાગીદારી પેઢીને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ. જે વેચાણ દસ્તાવેજ મહેરબાન વલસાડના સબ–રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં અનુક્રમ નં.૩૨૦, તા.૦૩/૦૨/૨૦૦૩ ના રોજ નોંધાયેલ. જેની નોંધ ગામ નમુના નં.૬ હકક ફેરફાર પત્રક દફતરે નોંધ નં.૫૨૭૮, તા.૨૮/૦૩/૨૦૦૩ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ તા.૨૩/૦૫/૨૦૦૩ ના રોજ પ્રમાણિત થયેલ.

ત્યારબાદ, સદર રેવન્યુ સર્વે/બ્લોક નં.૫૮૪ પૈકી ૨ થી નોંધાયેલી સુમારે ૧૩,૧૬૩ સ.ચો.મી. વાળી ખેતીની જમીનના માલિક/કબજેદાર શ્રી યોગેન્દ્રસિંહ પ્રવિણસિંહ વાસીંયાએ મજકુર જમીનમાં બીનખેતીનું કૃત્ય કરવા માટે મહેરબાન કલેકટરશ્રી, વલસાડનાને અરજી કરતાં, મહેરબાન કલેકટરશ્રી, વલસાડનાએ તેમના હુકમ ક્રમાંકઃ એલ.એન.ડી./એન.એ./વશી–૮૫૭–૮૬૫/૨૦૧૦, તા.૦૩/૦૮/૨૦૧૦ ના રોજ જરૂરી હુકમ ફરમાવી

<u>ખરીદનારની સહી</u> <u>વેચનારની સહી</u>

....

....

મજકુર જમીનમાં વાણિજય તથા રહેઠાંણના હેતુસર બીનખેતીનું કૃત્ય કરવા માટે પરવાનગી આપેલ. જેની નોંધ ગામ નમુના નં.૬ હકક ફેરફાર પત્રક દફતરે નોંધ નં.૭૦૭૭, તા.૦૩/૦૮/૨૦૧૦ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ તા.૧૮/૧૧/૨૦૧૦ ના રોજ પ્રમાણિત થયેલ.

ત્યારબાદ, સદર રેવન્યુ સર્વે/બ્લોક નં.૫૮૪ પૈકી ૨ થી નોંધાયેલી સુમારે ૧૩,૧૬૩ સ.ચો.મી. વાળી જમીનના માલિક/કબજેદાર શ્રી યોગેન્દ્રસિંહ પ્રવિણસિંહ વાસીંયાએ મજકુર જમીનમાં બાંધકામ કરવા માટે નગર નિયોજકશ્રી, વલસાડનાને અરજી કરતાં, મહેરબાન જુનીયર નગર નિયોજક, વલસાડનાએ તેમના પત્ર ક્રમાંક : બીપીધરમપુર૭૧૦, તા.૦૮/૦૬/૨૦૧૦ ના રોજ પ્લાન મંજુર કરેલ. જે મંજુર થયેલા પ્લાનમાં સદર જમીનના કુલ્લે ક્ષેત્રફળ ૧૩,૧૬૩ સ.ચો.મી. વાળી જમીન પૈકી ૩૯૯૧.૬૦ સ.ચો.મી. જમીનને પ્લોટ નં.એ તરીકે દર્શાવવામાં આવેલ. જયારે બાકી રહેતી ૯૧૭૧.૪૦ સ.ચો.મી. જમીનને પ્લોટ નં.બી તરીકે દર્શાવવામાં આવેલ. જે મંજુર થયેલ પ્લાન મુજબ બાંધકામ કરવા માટે ચીફ ઓફીસરશ્રી, ધરમપુર નગર સેવા સદન, ધરમપુરનાએ તેમના ટાઉન પ્લાનીંગ કમીટીના ઠરાવ નં.૧૮૦(૨૦), તા.૦૭/૦૬/૨૦૧૧ ના રોજ બાંધકામ કરવા માટેની પરવાનગી આપેલ.

ત્યારબાદ, સદર રેવન્યુ સર્વે/બ્લોક નં.૫૮૪ પૈકી ૨ થી નોંધાયેલી સુમારે ૧૩,૧૬૩ સ.ચો.મી. વાળી જમીનના માલિક/કબજેદાર શ્રી યોગેન્દ્રસિંહ પ્રવિણસિંહ વાસીંયાએ મજકુર જમીનમાં બાંધકામ કરવા માટે રીવાઈઝ પ્લાન નગર નિયોજકશ્રી, વલસાડના સમક્ષ રજુ કરેલ. જે રીવાઈઝ પ્લાન ચીફ ઓફીસરશ્રી, ધરમપુર નગરપાલકિ, ધરમપુરનાએ ટાઉન પ્લાનીંગ કમીટીના ઠરાવ નં.૧૯(૨૦), તા.૧૧/૦૫/૨૦૧૬ ના રોજ મંજુર કરેલ અને મંજુર કરેલ રીવાઈઝ પ્લાન મુજબ બાંધકામ કરવા માટેની જરૂરી પરવાનગી આપેલ.

ત્યારબાદ, સદર જમીનના માલિક શ્રી યોગેન્દ્રસિંહ પ્રવિણસિંહ વાસીંયાએ રેવન્યુ સર્વે/બ્લોક નં.૫૮૪ પૈકી ૨ થી નોંધાયેલ જમીન પૈકી મંજુર થયેલા પ્લાનમાં પ્લોટ નં.એ તરીકે દર્શાવેલ ખુલ્લી જમીન કે જેનું ક્ષેત્રફળ ૩૯૯૧.૬૦ સ.ચો.મી. વાળી જમીન મેસર્સ ઓમ ઈન્ફ્રા–એક રજીસ્ટર્ડ ભાગીદારી પેઢી યાને બીજા પક્ષનાને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ. જે વેચાણ દસ્તાવેજ મહેરબાન ધરમપુરના સબ–રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં અનુક્રમ નં.૫૧૧, તા.૦૧/૧૦/૨૦૧૬ ના રોજ નોંધાયેલ છે. જેની નોંધ ગામ નમુના નં.૬ હકક ફેરફાર પત્રક દફતરે નોંધ નં.૯૦૫૭, તા.૦૬/૧૦/૨૦૧૬ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ તા.૧૦/૦૧/૨૦૧૭ ના રોજ પ્રમાણિત થયેલ. જે જમીનને રેવન્યુ રેકર્ડ દફતરે રેવન્યુ સર્વે/બ્લોક નં.૫૮૪/૨ પૈકી ૪ ફાળવવામાં આવેલ

છે. સબબ, ત્યારથી સદર રેવન્યુ સર્વે/બ્લોક નં.૫૮૪/૨ પૈકી ૪ થી નોંધાયેલ જમીનના માલિક, મુખત્યાર તથા કબજેદાર મેસર્સ ઓમ ઈન્ફ્રા–એક રજીસ્ટર્ડ ભાગીદારી પેઢી થયેલ.

ત્યારબાદ, સદર રેવન્યુ સર્વે નં.૫૮૪/૨ પૈકી ૪ થી નોંધાયેલ કુલ્લે ૩૯૯૧.૬૦ સ.ચો.મી. વાળી જમીનના માલિક યાને હમો બીજા પક્ષના ભાગીદારી પેઢીએ સદર જમીન ઉપર **"રાજ વૈભવ"** ના નામથી ઓળખાતી રહેણાંક તથા વાણિજયક હેતુસરની બિલ્ડીંગનું બાંધકામ કરેલ છે. જે બિલ્ડીગના ______ **માળ** ઉપર આવેલ દુકોનો/ફલેટો પૈકી **દુકાન/ફલેટ નં.** ________ વાળી મિલકતનો વહીવટ, વ્યવસ્થા, તબદીલ અને વેચાણ કરવાનો હમો બીજા પક્ષના ભાગીદારી પેઢીને સંપુર્ણ હકક અને અધિકાર છે. જે હકક અને અધિકારની રૂએ હમો બીજા પક્ષના ભાગીદારી પેઢીએ તમો પહેલા પક્ષનાને સદર મિલકત આજરોજ આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ છે.

તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકત હાલના વેચાણ દસ્તાવેજમાં જણાવેલ શરતોને આધિન **રૂા............................/– અંકે રૂપિયા .... પુરા**ની યોગ્ય અને વ્યાજબી બજાર કિંમતે વેચાણ આપી હમો બીજા પક્ષના ભાગીદારી પેઢીએ તમો પહેલા પક્ષનાના કબજા તથા વહીવટ ભોગવટામાં સોંપી છે. સબબ, સદર મિલ્કતનો તમો પહેલા પક્ષના તમારી મરજી મુજબ, વહીવટ, વ્યવસ્થા, ઉપયોગ, ઉપભોગ, કરવા–કરાવવા હકકદાર છો સહી. ટૂંકમાં, સદર મિલ્કતનો તમો પહેલા પક્ષના તમારૂં દિલ ચાહે તે મુજબ વહીવટ, વ્યવસ્થા, ઉપયોગ, ઉપભોગ કરો, વેચાણ, ગીરો, બક્ષીસ આપો ઈત્યાદી સર્વે વાતે અને પ્રકારે તમો પહેલા પક્ષના સંપુર્ણ માલિક, મુખત્યાર, હકકદાર છો સહી. જે બાબતે હમો બીજા પક્ષના ભાગીદારી પેઢી કે હાલના તથા વખતો–વખતના ભાગીદારો કે વંશ–વાલી વારસોની કે અન્ય કોઈની કાંઈપણ તર–તકરાર યા હરકત, અટકાયત, અવરોધ કે દખલગીરી ચાલે નહી અને કોઈ કરે–કરાવે તો તે આથી રદબાતલ થાય સહી અને ગણાય સહી.

તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિકલતના વેચાણ અવેજના **રૂા......................./– અંકે રૂપિયા ....પુરા** તમો પહેલા પક્ષના તરફથી હમો બીજા પક્ષના ભાગીદારી પેઢીને નીચે દર્શાવેલ વિગતે ચુકતે ચુકવી આપ્યા છે.

<u>ખરીદનારની સહી</u> **<u>વેચનારની સહી</u>**

....

....

–:: તમો પહેલા પક્ષનાએ હમો બીજા પક્ષનાને ચુકવેલ વેચાણ અવેજની વિગત ::–

અનું.ન.	વિગત	ચેક નંબર	તારીખ	રકમ રૂા.
૧.				
૨.				
૩.				
૪.				
૫.				
			કુલ્લે..........	

તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકતના વેચાણ અવેજની રકમ ઉપરોકત જણાવ્યા મુજબ હમો બીજા પક્ષના ભાગીદારી પેઢીને તમો પહેલા પક્ષના મારફતે ચુકતે મળેલ છે, જેની આથી હમો બીજા પક્ષના ભાગીદારી પેઢી પહોંચ સ્વીકારીએ છીએ અને એ મુજબ ઉપર જણાવેલ વિગતે પુરેપુરો ચુકતે વેચાણ અવેજ લઈ તેના બદલામાં સદર મિલકત હમો બીજા પક્ષના ભાગીદારી પેઢીએ તમો પહેલા પક્ષનાને હર હંમેશા સારૂં આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપી કબજો સુપ્રત કરેલ છે અને એ મુજબ તમો પહેલા પક્ષનાએ સદર મિલકત વેચાણ દસ્તાવેજમાં જણાવેલ તમામ શરતોને આધિન સ્વતંત્ર અને સંપુર્ણ માલિક થયા છો સહી.

તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકતના વેચાણ અવેજ બાબતે કે સદર મિલકતના પ્રત્યક્ષ કબજા બાબતે હમો બીજા પક્ષના ભાગીદારી પેઢી કે પેઢીના હાલના તથા વખતો–વખતના ભાગીદારોની કે તેઓના વંશ, વાલી–વારસો, સકસેસર્સ, સરવાઈવર્સ, એસાઈનીઓ, ટ્રાન્સફરીઓ, એટૉનીઝ, એડમીનીસ્ટેટર્સ, એકઝીકયુટર્સ ઈત્યાદી કોઈની કાંઈપણ તર–તકરાર કે દર–દાવો રહ્યા નથી કે રાખ્યા નથી. આમછતાં જો કોઈ કાંઈપણ તર–તકરાર, દર–દાવો, હરકત, અંતરાય, અવરોધ, અટકાયટ કે દખલગીરી કરે તો તે આ વેચાણ દસ્તાવેજથી રદબાતલ અને નિરર્થક થાય સહી અને ગણાય સહી.

તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકત આ અગાઉ હમો બીજા પક્ષના ભાગીદારી પેઢીએ કોઈને કોઈપણ રીતે વેચાણ આપવા કરાર કર્યો નથી કે ગીરો, વેચાણ, બક્ષીસ ઈત્યાદી હરકોઈ રીતે કે પ્રકારે તબદીલ કરી નથી કે એની ઉપર કોઈ લોન લીધી નથી કે ગીરોમાં નથી કે કોઈના બોજામાં, ચાર્જમાં કે અવલજપ્તીમાં નથી કે કોઈની જામીનગીરીમાં લખી આપી નથી કે તેના પર કોઈનો ખાધા–ખોરાકી, ભરણ–પોષણ, રહેણાંકનો કે ઈઝમેન્ટનો કે બીજા કોઈપણ જાતનો હકક નથી કે સદર મિલકત એકવીઝીશન, રેકવીઝીશન કે રીઝર્વેશન નથી,

ખરીદનારની સહી **વેચનારની સહી**

....

....

તેમજ સદર મિલકત કોઈપણ ફોજદારી, રેવન્યુ કોર્ટ, સરકારી, અર્ધસરકારી કે લોકલબોડી, નગર પાલિકા, ગ્રામપંચાયત ઈત્યાદી કોઈપણ કચેરીઓના કોઈપણ અધિકારી સમક્ષ કે કોઈપણ ટ્રીબ્યુનલ, એપેલેટ ઓથોરીટી, હાઈકોર્ટ, સુપ્રીમ કોર્ટ, ઈન્કમટેક્ષ, સેલ્સ ટેક્ષ, જિલ્લા પંચાયત કચેરી ઈત્યાદી સમક્ષ ચાલતા કોઈપણ પ્રકારના પ્રકરણની વિષય–વસ્તુ નથી કે તેવા કોઈપણ પ્રકરણમાં સંડોવાયેલી નથી. તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકત તદ્દન નકરજી, નબોજી અને નજોખમી છે. તમો પહેલા પક્ષનાએ સદર મિલકતના ટાઈટલ રીસાઈટલ જોઈ તપાસી ચકાસણી કરી હમો બીજા પક્ષના ભાગીદારી પેઢી કનેથી વેચાણ રાખેલ છે. જે બાબતે તમો પહેલા પક્ષનાએ ભવિષ્યમાં હમો બીજા પક્ષના ભાગીદારી પેઢી સાથે કે ભાગીદારી પેઢીના કોઈપણ ભાગીદારો સાથે કોઈપણ કેપેસીટીમાં કોઈપણ પ્રકારની તર–તકરાર ઉપસ્થિત કરવા–કરાવવાની નથી. આ વેચાણ દસ્તાવેજની રૂએ તમો પહેલા પક્ષના સદર મિલકતના સ્વતંત્ર માલિક, મુખત્યાર અને કબજેદાર થયા હોઈ તમો પહેલા પક્ષના તેનો ઉપયોગ, વપરાશ, ઉપભોગ તમારી મરજી મુજબ પ્રતિબંધીત કરેલ ઉપયોગ તથા ઉપભોગ સિવાય કરી શકો સહી.

તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકત અને તે સાથે આ વેચાણ દસ્તાવેજમાં સ્પષ્ટપણે મિલકતમાં પ્રવેશવા તથા બહાર નિકળવા સહિતના જે બીજા રાસુકા હકકો આપવામાં આવેલા છે, તે હકકો સહિતની મિલકત તમો પહેલા પક્ષનાને વેચાણ આપી છે. તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકત જે બિલ્ડીંગમાં આવેલ છે તે બિલ્ડીંગના ટેરેસના કે ફલોટેટ એફ.એસ.આઈ. કે સેલેબલ એફ.એસ.આઈ. કે અન્ય કોઈપણ એફ.એસ.આઈ. ના કોઈ હકકો તબદીલ કરવામાં આવ્યા નથી. સબબ, હાલમાં કે ભવિષ્યમાં સદર મિલકતની ટેરેસ કે તમામ પ્રકારના એફ.એસ.આઈ.નો વહીવટ, વ્યવસ્થા, ઉપયોગ, ઉપભોગ કરવાનો સંપુર્ણ હકક અને અધિકાર હમો બીજા પક્ષના ભાગીદારી પેઢીએ હમારી કને અનામત રાખ્યો છે. સદર બિલ્ડીંગની ટેરેસ ઉપર તમામ બિલ્ડીંગના દુકાન/ફલેટ ધારકો કોઈપણ પ્રકારના જાહેરાતના હોર્ડિંગ્સ કે કોઈપણ મોબાઈલ કંપનીના ટાવરો કે કોઈપણ પ્રકારના ઈકવીપમેન્ટો ઈન્સ્ટોલ કરી–કરાવી શકશે નહી. તેમજ કોઈપણ કંપની, પેઢી, વ્યકિત કે સરકારી કે અર્ધસરકારી કચેરીઓ સાથે કરાર કરી ટેરેસને ભાડે, પેટાભાડે કે અન્ય કોઈપણ પ્રકારે તબદીલ કરી શકશે નહી. જેનો વહીવટ, વ્યવસ્થા, વેચાણ–તબદીલ, ઉપયોગ, ઉપભોગ કે બાંધકામના ઈત્યાદી હમો બીજા પક્ષના ભાગીદારી પેઢી કરવા–કરાવવા હકકદાર છે સહી અને તે અંગે કોઈપણ વિશેષ હકકો તમો પહેલા પક્ષનાએ કે અન્ય મિલકત ધારકોએ માંગવાના નથી કે તર–તકરાર કરવાની નથી અને જો

<u>**ખરીદનારની સહી**</u> <u>**વેચનારની સહી**</u>

....

....

એવી તર–તકરાર ભવિષ્યમાં ઉપસ્થિત કરવામાં આવે તો તે તર–તકરાર આ વેચાણ દસ્તાવેજથી મૂળથી જ રદબાતલ અને નિરર્થક થાય સહી અને ગણાય સહી.

"રાજ વૈભવ" ના નામથી બાંધવામાં આવેલ બિલ્ડીંગમાં આવેલ દાદર, પેસેજ, માર્જીન કે પાર્કિંગની જગ્યામાં કોઈપણ દુકાન/ફલેટ/યુનિટ ધારકે કે તેમના માણસો–મજુરોએ અન્ય સભ્યોને અડચણ થાય તે રીતે પોતાનો માલ–સામાન મુકવો નહિં કે તે જગ્યાનું દબાણ કે રોકાણ થાય એવું કૃત્ય કરવું નહિં.

"રાજ વૈભવ" ના નામથી ઓળખાતી બિલ્ડીંગના હયાત બાંધકામના આર.સી.સી. ફ્રેઈમ, સ્ટ્રકચર, સ્લેબમાં કોઈ તોડફોડ કે ફેરફાર કરવા–કરાવવાનો નથી. તથા સમગ્ર ટાવર/બિલ્ડીંગના આંતરીક તથા બાહ્ય દર્શન તથા કલર સ્કીમમાં તમો પહેલા પક્ષના સહિતના હરકોઈ માલિક/કબજેદારે સ્વતંત્ર રીતે ફેરફાર કરવાનો નથી અને જો કોઈપણ માલિક/કબજેદાર ધ્વારા સ્વતંત્ર રીતે ફેરફાર થશે યા કરશે તો તેને કોઈપણ જાતની નોટીસ આપ્યા વિના કે જાણ કર્યા વિના તાકીદે અટકાવી શકાશે તેમજ કરવામાં આવેલ ફેરફાર તાકીદે ઉતારી પાડવાનો કે તોડી પાડવાનો કે બદલી નાંખવાનો સંપુર્ણ હકક અને અધિકાર હમો બીજા પક્ષના ભાગીદારી પેઢી યાને વેચાણ આપનારને અને ત્યારબાદ અન્ય દુકાન/ફ્લેટ/યુનિટ ધારકોને રહેશે સહી. વધુમાં આખી મિલકત કુદરતી આફતને કારણે કે અન્ય કોઈપણ આકસ્મીક કારણોસર ઉતારવી પડે તો જે ફલેટ/દુકાન/યુનિટ ધારકને જેટલો કબજો/ભોગવટો મળવા પાત્ર છે, તેનાથી વિશેષ પ્રાપ્ત થઈ શકશે નહિં. પરંતુ જો જે તે સમયના નિતિ–નિયમ મુજબ તેમજ સંજોગોને આધિન તમામ ફલેટ/દુકાન/યુનિટ ધારકે તમામનું હિત ધ્યાને લઈ દર્શાવેલ અન્ય શરતોને અસર ન થાય તે રીતે નિર્ણય લેવાનો રહેશે સહી.

"રાજ વૈભવ" ના નામથી ઓળખાતી બિલ્ડીંમાં આવેલ દુકાન/ફલેટ/યુનિટ હોલ્ડરોએ સદર મિલકતમાં મેન્યુફેકચરીંગ હેતુ માટે કે મિલકતમાં ધ્રુજારી થાય અથવા અવાજ અને ગરમી થાય તેવા કામ યા ધંધા માટે તેનો ઉપયોગ કરી–કરાવી શકાશે નહિં. પ્રવતમાન બાંધકામના નિયમો તથા નગર પાલિકા તેમજ ગ્રામપંચાયતના રૂલ્સ અને રેગ્યુલેશન વિરૂધ્ધ સદર મિલકતનો ઉપયોગ કરી–કરાવી શકાશે નહિં. સદર મિલકતમાં સળગી ઉઠે અથવા ધડાકો થાય તેવા જવલનશીલ પદાર્થો, પ્રતિબંધિત ચીજ–વસ્તુઓ રાખી શકાશે નહિં કે અન્ય ફલેટ/દુકાન/યુનિટ ધારકોને ન્યુસન્સ, એનોયન્સ થાય એવી પ્રવૃત્તિ થઈ શકશે નહિં કે કરી–કરાવી શકાશે નહિં.

"રાજ વૈભવ" ના નામથી ઓળખાતી બિલ્ડીંગની ઉપર જે ટેરેસનો ભાગ પડે છે, તે ટેરેસની સ્વતંત્ર અને સંપુર્ણ માલિકી હમો બીજા પક્ષના ભાગીદારી પેઢીની રાખવામાં આવી છે. ટેરેસમાં તમો પહેલા પક્ષના

સહિત અન્ય કોઈપણ કબજેદારો/યુનિટ ધારકોને કોઈપણ પ્રકારનો ગર્ભિત રીતે કે સ્પષ્ટપણે માલિકીપણાનો તેમજ વપરાશ કરવાનો હકક કે અધિકાર આપવામાં આવેલ નથી. સદર ટેરેસમાં હમો બીજા પક્ષના ભાગીદારી પેઢી તમામ પ્રકારનું બાંધકામ/સ્ટ્રકચરથી કવર્ડ કરવાને હકકદાર રહેશે સહી અને તેમ કરતાં તેઓને મિલકતના કોઈપણ માલિક તથા યુનિટ ધારકો રોકી શકશે નહિં અને આવી કોઈપણ હરકત કોઈ વ્યકિત કે એસોસીએશન કરે–કરાવે તો તે આથી રદબાતલ અને નિરર્થક થાય સહી અને તેઓ વિરૂધ્ધ હમો બીજા પક્ષના ભાગીદારી પેઢી સીવીલ તથા ફોજદારી રાહે પગલા ભરવા હકકદાર થાય સહી અને ગણાય સહી.

"રાજ વૈભવ" ના નામથી ઓળખાતીના દરેક દુકાન/ફલેટ/યુનિટના માલિક/કબજેદારો પોતાનો યુનિટનો વપરાશ કરે કે ન કરે તેવા યુનિટ માટે સહીયારી સગવડોના નિભાવ ખર્ચના નાણાં નિયમિત રીતે દરેક યુનિટ ધારક આપવા જવાબદાર રહેશે. પરંતુ વગર તબદીલ થયેલા રહેતા યુનિટ માટેનો નિભાવ ખર્ચ ચૂકવવાની હમો બીજા પક્ષનાની ભાગીદારી પેઢીની કોઈ જવાબદારી રહેશે નહિં. જયારે પણ એવું યુનિટ વેચાણ થાય અથવા તેનો કાયમી ધોરણે ઉપયોગ–ઉપભોગ શરૂ થાય ત્યારે તેવા યુનિટો માટે પ્રમાણસરના નિભાવ ખર્ચના નાણાં આપવામાં આવશે.

"રાજ વૈભવ" ના નામથી બાંધવામાં બિલ્ડીંગના દુકાન/ફલેટ/યુનિટ ધારકો/કબજેદારો ભેગા મળી કોઈપણ પ્રકારનું એસોસીયેશન અથવા રજીસ્ટર્ડ કો–ઓપરેટીવ સર્વિસ સોસાયટી બનાવે તો તમામ દુકાન/ફલેટ/યુનિટ ધારોકોએ ફરજીયાત સ્વરૂપે એસોસીયેશન અથવા સોસાયટીના સભ્ય બનવાનું રહેશે સહી. તેમજ બિલ્ડીંગસના નિભાવ ફાળા તથા રાસુકી સુવિધાઓના વપરાશની ફાળે પડતી જે કાંઈપણ રકમ આવે તે તમામ દુકાન/ફલેટ/યુનિટ ધારકો ચુકવવા જવાબદાર રહેશે સહી. આમછતાં, સદર બિલ્ડીંગના દુકાન/ફલેટ ધારકો જયાં સુધી એસોસીયેશન અગર રજીસ્ટર્ડ કો.ઓ.સર્વિસ સોસાયટીનું આયોજન ન કરે ત્યાં સુધી સદર બિલ્ડીંગના નિભાવ ફાળાની તથા રાસુકી સુવિધાઓના વપરાશ ફાળાની રકમ તમો પહેલા પક્ષનાએ સદર મિલકતનો કબજો મળ્યેથી હમો બીજા પક્ષના ભાગીદારી પેઢીને ચુકવવાની રહેશે સહી.

તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકત તમો પહેલા પક્ષનાએ જોઈ, તપાસી અને ખાત્રી કરી હમો બીજા પક્ષના ભાગીદારી પેઢી કનેથી વેચાણ રાખેલ છે. **"રાજ વૈભવ"** ના નામથી બાંધવામાં આવેલ બિલ્ડીંગના સહીયારા વપરાશની તમામ સુવિધાઓનો તમામ ફલેટોના માલિક/ધારણકર્તાઓએ સહીયારો ઉપયોગ–ઉપભોગ કરવાનો રહેશે સહી. ભવિષ્યમાં તમો પહેલા પક્ષનાએ વેચાણ રાખેલ મિલકતના બાંધકામની

ગુણવતા, ક્ષેત્રફળ, સ્પેશીફીકેશન, મંજુર થયેલા પ્લાન તથા સદર બિલ્ડીંગમાં આપવામાં આવેલ સહિયારા વપરાશની સુવિધાઓ બાબતે હમો બીજા પક્ષના ભાગીદારી પેઢી તથા ભાગીદારી પેઢીના હાલના તથા વખતો–વખતના ભાગીદારો સાથે કોઈપણ પ્રકારની તર–તકરાર ઉપસ્થિત કરવા–કરાવવાની નથી. આમછતાં, તમો પહેલા પક્ષના જો કોઈપણ પ્રકારની તર–તકરાર ઉપસ્થિત કરો–કરાવો તો તે આ વેચાણ દસ્તાવેજથી રદબાતલ અને નિરર્થક થાય સહી અને ગણાય સહી.

તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકત **"રાજવૈભવ"** ના નામથી બાંધવામાં આવેલ બિલ્ડીંગ પૈકીનો એક ભાગ છે. ભવિષ્યમાં, કુદરતી આફત જેવી કે, પુર, ધરતીકંપ, આગ, વાવાઝોડું કે અન્ય કોઈપણ પ્રકારની કુદરતી આફતોને કારણે રાજવૈભવ ના નામથી ઓળખાતી બિલ્ડીંગને કે તેના કોઈપણ ભાગોને કોઈપણ પ્રકારનું નુકશાન થાય અગર સંપૂર્ણ રીતે નાશ પામે તો તે અંગે હમો બીજા પક્ષના ભાગીદારી પેઢી કે પેઢીના ભાગીદારોની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી. જે અંગેની સંપૂર્ણ સમજ આપી હમો બીજા પક્ષના ભાગીદારી પેઢીએ તમો પહેલા પક્ષનાના લાભમાં સદર મિલકતનો વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. આમછતાં, તમો પહેલા પક્ષના જો કોઈપણ પ્રકારની તર–તકરાર ઉપસ્થિત કરો–કરાવો તો તે આ વેચાણ દસ્તાવેજની રદબાતલ અને નિરર્થક થાય સહી અને ગણાય સહી.

તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકત **"રાજ વૈભવ"** ના નામથી બાંધવામાં આવેલ બિલ્ડીંગ પૈકીનો એક ભાગ છે. જે બિલ્ડીંગસમાં આવેલ ફલેટ/દુકાનના માલિક/કબજેદારોના સહિયારા વપરાશ માટે લીફટ લગાડવામાં આવેલ છે. જે લીફટના ઉપયોગ–ઉપભોગ દરમ્યાન કે અન્ય કોઈપણ આકસ્મિક કારણોસર અકસ્માત સર્જાય અને તેના કારણોસર ફલેટ/દુકાનના માલિક/કબજેદારોને અગર બિલ્ડીંગમાં આવતા–જતા ત્રાહિત ઈસમોને કોઈપણ પ્રકારનું નુકશાન થાય કે જાનહાનિ થાય તો તે અંગે હમો બીજા પક્ષના ભાગીદારી પેઢી કે ભાગીદારી પેઢીના હાલના તથા વખતો–વખતના ભાગીદારોની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી. જે અંગેની સંપૂર્ણ સમજ તમો પહેલા પક્ષનાની આપી હાલનો વેચાણ દસ્તાવેજ હમો બીજા પક્ષના ભાગીદારી પેઢીએ તમો પહેલા પક્ષનાના લાભમાં કરી આપેલ છે.

તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકત તથા તેમાં આવેલ નળ ફિટીંગ્સ, ડ્રેનેજ કનેકશન, લાઈટ ફીટીંગ્સ જેવા તમામ પ્રકારના અન્ય ફીટીંગસ તથા લીફટ સહિતની સહિયારા વપરાશની તમામ સુવિધાઓ જોઈ તપાસી ખાત્રી કરી–કરાવી તમો પહેલા પક્ષનાએ સદર મિલકત વેચાણ રાખેલ છે તેમજ સદર મિલકતનો

સ્થળ ઉપર ખાલી, શાંત અને પ્રત્યક્ષ કબજો મેળવેલ છે. ભવિષ્યમાં, તમો પહેલા પક્ષનાએ વેચાણ રાખેલ મિલકતમાં આવેલ તમામ પ્રકારના ફીટીંગ્સ અને ફીકચર્સ બાબતે તથા સહિયારા વપરાશની તમામ સુવિધાઓમાં જો કોઈપણ ખામી ઉપસ્થિત થાય તો તે બાબતે હમો બીજા પક્ષના ભાગીદારી પેઢી સાથે કોઈપણ પ્રકારની તર–તકરાર ઉપસ્થિત કરવા–કરાવવાની નથી. આમછતાં, તમો પહેલા પક્ષના કોઈપણ પ્રકારની તર–તકરાર ઉપસ્થિત કરો–કરાવો તો આથી રદબાતલ અને નિરર્થક થાય સહી અને ગણાય સહી.

તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકત આ વેચાણ દસ્તાવેજમાં જણાવેલ તમામ શરતોને આધિન તથા વખતો વખત અલગથી જણાવવામાં આવે તેવી શરતોને આધિન તમો પહેલા પક્ષનાએ સદર મિલકતનો વપરાશ કરવાનો રહેશે સહી. ભવિષ્યમાં સદર મિલકત તબદીલ કરવામાં આવે ત્યારે તેવી તબદીલી પણ હાલના વેચાણ દસ્તાવેજમાં જણાવેલ તમામ શરતોને આધિન કરવાની રહેશે. તેમજ તબદીલીથી લેનાર પણ તેવી તમામ શરતો અનુસાર સદર મિલકતનો ઉપયોગ કરવા જવાબદાર રહેશે. આમછતાં હમો બીજા પક્ષના ભાગીદારી પેઢીની જાણ બહાર ત્રાહિત સાથે થયેલા લખાણો કે કરારો કે દસ્તાવેજો ઉપરોકત દર્શાવેલ શરતોને આધિન રહેશે સહી અને ગણાશે સહી. એ સિવાયના લખાણો હમો બીજા પક્ષના ભાગીદારી પેઢીને કે અન્ય યુનિટ ધારકોને કબુલ–મંજુર કે બંધનકર્તા થશે નહિં કે ગણાશે નહિં.

તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકતને લગતાં કબજો સુપ્રત કર્યા સુધીના નગરપાલિકા/ ગ્રામપંચાયતના તમામ વેરા, સેસ, ટેક્ષીસ તથા શિક્ષણવેરો ઈત્યાદી હમો બીજા પક્ષના ભાગીદારી પેઢીએ ભરવાના છે. જે હમો બીજા પક્ષના ભાગીદારી પેઢીએ ભર્યા છે. હવે પછીની તમામ રકમ તમો પહેલા પક્ષનાએ ભરપાઈ કરવાની રહેશે સહી.

તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકતના રેવન્યુ રેકર્ડ તથા સીટી સર્વે દફતરે, ગ્રામ પંચાયત, નગરપાલિકા, વીજ કંપની દફતરે હમો બીજા પક્ષના ભાગીદારી પેઢીના નામે ચાલે છે, તે તમામ દફતરેથી તમો પહેલા પક્ષના આ વેચાણ દસ્તાવેજના આધારે હમો બીજા પક્ષના ભાગીદારી પેઢીનું નામ કમી કરી–કરાવી તમો પહેલા પક્ષનાના નામે કરી–કરાવી લેવા હકકદાર છો અને તે અંગે હમો બીજા પક્ષના ભાગીદારી પેઢીની જયાં જયાં સહી, હાજરી, કબુલાત તથા સંમતિની જરૂર પડે ત્યાં ત્યાં તે હમો બીજા પક્ષના ભાગીદારી પેઢીએ આપવાની છે અને એ અંગે આ વેચાણ દસ્તાવેજથી હમો બીજા પક્ષના ભાગીદારી પેઢીની લેખીત કબુલાત તથા સંમતિ ગણી લેવાની છે સહી.

<u>**ખરીદનારની સહી**</u> <u>**વેચનારની સહી**</u>

....

....

તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકત મેસર્સ ઓમ ઈન્ફ્રા – એક રજીસ્ટર્ડ ભાગીદારી પેઢીની માલિકી, કબજા, ભોગવટા હેઠળ ચાલી આવેલ છે. સદર ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદાર તરીકે શ્રી સુનિલ જયંતિલાલ શાહે હાલના વેચાણ દસ્તાવેજમાં સહી–મતા કરેલ છે. હમો બીજા પક્ષનાએ સદર વેચાણ દસ્તાવેજના આખરમાં કરેલ કરેલ સહી–મતા તથા દરેક પાના ઉપર કરેલ સહીની હમો બીજા પક્ષના વતી સબ–રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં કબુલાત આપવા માટે તથા અન્ય જરૂરી કાર્યવાહી કરવા માટે શ્રી .... ને પાવર ઓફ એટર્ની આપેલ છે. જે પાવર ઓફ એટર્ની મહેરબાન સુરતના સબ–રજીસટ્રારશ્રીની કચેરીમાં અનુક્રમ નં......, તા.................. ના રોજ ઓથેન્ટીક કરવામાં આવેલ છે.

તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકતની યોગ્ય, વ્યાજબી અને બજાર કિંમત રૂા................../– પુરા છે, આથી આ વેચાણ દસ્તાવેજ કાયદેસર જરૂરી રૂા................../– ના જનરલ સ્ટાંમ્પ ઉપર કર્યો છે. આમછતાં ભવિષ્યમાં સદર વેચાણ દસ્તાવેજ અંગે કોઈપણ પ્રકારની ખૂટતી સ્ટામ્પ ડયુટી ભરપાઈ કરવાની જવાબદારી ઉપસ્થિત થાય તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી તમો પહેલા પક્ષનાની રહેશે સહી.

તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકતને લાગતાં હમો બીજા પક્ષના ભાગીદારી પેઢી પાસે જે કાંઈ અસલ/પ્રમાણિત/ઝેરોક્ષ ટાઈટલ ડીડઝ હતા તે તમામની પ્રમાણિત/ઝેરોક્ષ નકલો તમો પહેલા પક્ષનાને સુપ્રત કરી દીધેલ છે. આમછતાં પાછળથી સદર મિલકતને લાગતાં જે કાંઈપણ ટાઈટલ ડીડઝ મળી આવે તો તે હમો બીજા પક્ષના ભાગીદારી પેઢીએ તમો પહેલા પક્ષનાને આપવા સહી.

– :: વેચાણ આપેલ મિલકતની વિગત ::–

જિલ્લો : વલસાડ, તાલુકો : ધરમપુર, **મોજે ગામ : કસ્બા ધરમપુરના રેવન્યુ સર્વે/બ્લોક નં.૫૮૪/૨ પૈકી ૪** થી નોંધાયેલ બિનખેતીની જમીન ઉપર **"રાજ વૈભવ"** ના નામથી બાંધવામાં આવેલ બિલ્ડીંગના ____ **માળ** ઉપર આવેલ દુકાનો/ફલેટો પૈકી **દુકાન/ફલેટ નં.** ______ વાળી મિલકત કે **જેનું સુપર બિલ્ટઅપ એરીયા મુજબ ક્ષેત્રફળ સુમારે ______ સ.ચો.ફુટ યાને ______ સ.ચો.મી.** વાળી મિલકત તથા તળની જમીનમાં આવેલ વગર વહેંચાયેલ આશરે ______ **સ.ચો.મી.** ના હકક હિત હિસ્સા સહીતની મિલકત તથા રાશુકી સુવિધાઓના વપરાશી હકકો સહીતની મિલકત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકક, હિત, હિસ્સા સહિતની મિલકત કુલ્લે દરોબસ્ત.

ખરીદનારની સહી | **વેચનારની સહી**

....

....

એણી વિગતનો આ વેચાણ દસ્તાવેજ હમો બીજા પક્ષનાએ હમારી તન અને મનની સંપુર્ણ સાવધ, તંદુરસ્ત અને બીનકેફ અવસ્થામાં કોઈના કોઈપણ પ્રકારના દાબ–દબાણ, ધાક ધમકી કે પ્રલોભન વગર સ્વેચ્છાએ હમારી રાજીખુશીથી તથા અકકલ હોશીયારીથી, વાંચી, વંચાવી, સમજી, વિચારીને કરી આપ્યો છે. જે હમો બીજા પક્ષના ભાગીદારી પેઢીને તથા ભાગીદારી પેઢીના વખતો વખતના ભાગીદાર તથા તેમના વંશ વાલી–વારસો, સકસેસરો, સરવાઈવરો, એસાઈનીઓ, ટ્રાન્સફરીઓ, ઓર્ટોનીઝ, એકઝીકયુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ ઈત્યાદી તમામને કબુલ, મંજુર તથા બંધનકર્તા છે સહી અને થાય સહી.

અત્રે...મતુ, તત્રે..શાખ

....

મેસર્સ ઓમ ઈન્ફ્રા – એક રજીસ્ટર્ડ ભાગીદારી પેઢી
વતી અને તરફે તેના વહીવટકર્તા ભાગીદાર
શ્રી સુનિલ જયંતિલાલ શાહ

....

....

ખરીદનારની સહી **વેચનારની સહી**

....

....

મોજે ગામ : કસ્બા ધરમપુરના રેવન્યુ સર્વે/બ્લોક નં.૫૮૪/૨ પૈકી ૪, રાજ વૈભવ, દુકાન/ફલેટ નં. વાળી મિલકત.

–::વેચાણ આપેલ મિલકતનો ફોટોગ્રાફ ::–

મિલકતની વિગતઃ દુકાન/ફલેટ નં.   , રાજ વૈભવ, મોજે ગામ : કસ્બા ધરમપુર, તા.ધરમપુર, જિ. વલસાડ

ખરીદનારની સહી | **વેચનારની સહી**

.... | ....

....

મોજે ગામ : કસ્બા ધરમપુરના રેવન્યુ સર્વે/બ્લોક નં.૫૮૪/૨ પૈકી ૪, રાજ વૈભવ, દુકાન/ફલેટ નં.   વાળી મિલકત.

– :: શિડયુલ :: –

આ વેચાણ દસ્તાવેજ લખાવી લેનાર યાને ખરીદનાર યાને પહેલા પક્ષના ::–

ફોટો

ડાબા હાથના અંગુઠાનું નિશાન

....

....

આ વેચાણ દસ્તાવેજ લખી આપનાર યાને વેચનાર યાને બીજા પક્ષના::–

ફોટો

ડાબા હાથના અંગુઠાનું નિશાન

મેસર્સ ઓમ ઈન્ફ્રા – એક રજીસ્ટર્ડ ભાગીદારી પેઢ ી વતી અને તરફે તેના વહીવટકર્તા ભાગીદાર શ્રી સુનિલ જયંતિલાલ શાહ

....

ખરીદનારની સહી

વેચનારની સહી

....

....

મોજે ગામ : કસ્બા ધરમપુરના રેવન્યુ સર્વે/બ્લોક નં.૫૮૪/૨ પૈકી ૪, રાજ વૈભવ, દુકાન/ફ્લેટ નં. વાળી મિલકત.

–:: નોંધણી અધિનિયમન, ૧૯૦૮ ની કલમ–૩૪ ની પેટા–કલમ–૩ મુજબનું ચેક લીસ્ટ ::–

અનું નં.	**પ્રશ્ન**	**જવાબ (હા કે ના)**
લખી આપનાર, સંમતિ આપનાર કે તેઓના કુલમુખત્યારને પુછવાના પ્રશ્નો ::–		
૧.	જિલ્લો : વલસાડ, તાલુકો : ધરમપુર, **મોજે ગામ : કસ્બા ધરમપુરના રેવન્યુ સર્વે/બ્લોક નં.૫૮૪/૨ પૈકી ૪** થી નોંધાયેલ બિનખેતીની જમીન ઉપર **"રાજ વૈભવ"** ના નામથી બાંધવામાં આવેલ બિલ્ડીંગના **માળ** ઉપર આવેલ દુકાનો/ફલેટો પૈકી **દુકાન/ફલેટ નં.** વાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ તમોએ કરી આપેલ છે ?	
૨.	વેચાણ દસ્તાવેજમાં જણાવ્યા મુજબ ફલેટનું **સુપર બિલ્ટઅપ એરીયા મુજબ ક્ષેત્રફળ સ.ચો.મી.** તથા **તળની જમીનમાં વગર વહેંચાયેલા હિસ્સાનું ક્ષેત્રફળ સ.ચો.મી.** વાળી મિલકતનો તમોએ લેખ કરી આપેલ છે.?	
૩.	વેચાણ દસ્તાવેજ કરી આપવા બદલ અવેજની રકમ મળેલ છે ?	
૪.	વેચાણ દસ્તાવેજમાં જણાવેલ વિગતો વાંચી, વંચાવીને, સમજી, વિચારીને તમે પોતે જાતે જ સહી/અંગુઠાની છાપ કરેલ છે તે તમે કબુલ રાખો છો ?	
૫.	પાવર ઓફ એટર્ની આપનાર દસ્તાવેજોની તારીખે હયાત છે?	
૬.	પાવર ઓફ એટર્નીના લેખમાં પાવર ઓફ એર્ટની આપનાર વ્યકિતોએ સહી/અંગુઠાનું નિશાન કરેલ છે?	
૭.	પાવર ઓફ એટર્નીનો લેખ દસ્તાવેજની તારીખે અમલમાં છે?	
૮.	ઓળખ આપવા સારૂં તમને ઓળખતા હોય તેવી વ્યકિતઓ સાથે લાવ્યા છો?	
ઓળખાણ આપનારને પુછવાના પ્રશ્નો ::–		
૧.	વેચાણ દસ્તાવેજમાં લખી આપનાર વ્યકિતઓ કે જેઓએ કબુલાત આપી છે તેઓને તમે જાતે ઓળખો છો?	
૨.	વેચાણ દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યકિતઓ એક જ છે ?	
૩.	કોઈ વ્યકિતએ ખોટું નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો?	

લખી આપનારની સહી **ઓળખાણ આપનારની સહી**

________________ ___________________

________________ ___________________

સબ–રજીસ્ટ્રારની સહી

____

ખરીદનારની સહી **વેચનારની સહી**

....

....

મોજે ગામ : કસ્બા ધરમપુરના રેવન્યુ સર્વે/બ્લોક નં.૫૮૪/૨ પૈકી ૪, રાજ વૈભવ, દુકાન/ફલેટ નં. વાળી મિલકત.